જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૫/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**

**સમાચાર યાદી નં.૯૩૭/૧૭**

ઇસનપુર પોલીસ સ્ટેશન :

(૧)

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓની પ્રોહી/જુગારના ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જેથી સર્વલન્સ સ્કોર્ડના માણસો સાથે આજરોજ પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઇસનપુર પો.સ્ટે.પ્રોહિ.ગુ.ર.નં-૫૧૧૭/૧૭ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(ઇ), મુજબના કામના આરોપણ બહેન માયાબેન વા/ઓ વિજયભાઇ ચુનારા ઉ.વ.૪૩ રહે- ઇસનપુર સરદાર ચોક ટીવીવાળી ચાલી વિશ્રામ સોસાયટી પાસે ઇસનપુર અમદાવાદ શહેરનાઓને તા.૦૪/૦૫/૨૦૧૭ના ક્લાક ૧૨/૧૦ વાગે પકડી અટક કરી પ્રોહી મુદામાલ દેશીદારૂ ૧૨૬ લીટર કીમત રૂપિયા ૨૫૨૦/- સાથે મળી પકડી પ્રોહીબીશનનો એક ગુનો શોધી કાઢેલ છે.તા-૦૪/૦૫/૨૦૧૭.

(૨)

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓની પ્રોહી/જુગારના ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જેથી અમો તથા સર્વલન્સ સ્કોર્ડના માણસો સાથે આજરોજ પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઇસનપુર પો.સ્ટે.પ્રોહિ.ગુ.ર.નં-૫૧૧૬/૧૭ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(ઇ), મુજબના કામના આરોપણ બહેન કૈલાશ ઉર્ફે કાળી વા/ઓ વિજયભાઇ જયસ્વાલ ઉ.વ.૪૫ રહે- નીલગીરીના છાપરા ચંડોળા પાળ ઇસનપુર અમદાવાદ શહેરનાઓને તા.૦૩/૦૫/૨૦૧૭ના ક્લાક ૨૧/૩૦ વાગે પકડી અટક કરી પ્રોહી મુદામાલ દેશીદારૂ ૯૯ લીટર કીમત રૂપિયા ૧૯૮૦/- સાથે મળી પકડી પ્રોહીબીશનનો એક ગુનો શોધી કાઢેલ છે.તા-૦૩/૦૫/૨૦૧૭.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

શહેરકોટડા પોલીસ સ્ટેશન :

(૧)

## રાજસ્થાન રાજ્યના સાંડેસરા પો.સ્ટે.ના એકસાઇઝ એકટ-૨૦૧૫ ના ગુન્હામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતી શહેરકોટડા પોલીસ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી પિયુષ પટેલ સાહેબ શ્રીની સુચનાથી ઇ.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૩ શ્રી ઉષા રાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઇ સાહેબ ના માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એમ.ચૌધરી સાહેબની સુચનાથી પો.સ.ઇ. જે.એ.બારોટ તથા સાથેના વ્હીકલ સ્કોર્ડના માણસો તથા ચોકી સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરના નાસતા ફરતા/પાસા વોન્ટેડ આરોપી પકડવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન અનીલસ્ટાર્ચ રોડ મહાકાળી માતાના મંદિર પાસેથી થાના- સાંડેસરા જી-પાલી રાજસ્થાન રાજ્યના સાંડેરાવ પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુ.ર.નં.-૫૦/૧૭ એકસાઇઝ એકટ ૨૦૧૫ ની કલમ ૧૯, ૫૪ મુજબના ગુનામા નાસતા ફરતા આરોપી નામે મદનલાલ શીવાજી ભાટ ઉ.વ.૫૫ રહેવાસી મકાન નં-૫૬/૪૨ કાંતીલાલ હીરાલાલ ચોકસીની ચાલી ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાને આજરોજ તા.૦૩/૦૫/૨૦૧૭ ના રોજ કલાક ૧૯/૦૦ વાગે મળી આવતા સાંડેરાવ પો.સ્ટે. ના સેકન્ડ ગુ.ર.નં.-૫૦/૧૭ એકસાઇઝ એકટ ૨૦૧૫ ની કલમ ૧૯, ૫૪ મુજબના કામે અટક કરેલ હોય.

સદરી આરોપીની વધુમા પુછપરછ કરતા ગઇ તા.૧૨/૦૪/૨૦૧૭ ના રોજ સવારના દસેક વાગ્યાની આસપાસ સાંડેરાવ ખાતેથી તેના મિત્ર શંકરસિંગ કિશનસિંગ રહે ગામ ચાણોંદ જી-પાલી તથા શીવરાજ રામપ્રસાદ રહે સર્વોદયનગર જી-પાલી નાઓ જોડે વિદેશી દારુની ૧૩૪ બોટલ તેમજ ૧૫૨ બિયરના ટીનનો જથ્થો મંગાવેલ જેથી સાંડેરાવ બસ સ્ટેન્ડ પાસે તેના ઉપરોકત બન્ને મિત્રોને પોલીસે વિદેશી દારુના જથ્થા સાથે પકડી પાડતા સદરી આરોપી વિરુધ્ધમા ગુનો દાખલ થયેલાનુ જણાવતો હોય જેથી નાસતા ફરતો હોય જેને ખાનગી બાતમી આધારે આજરોજ પકડી રાજસ્થાન સાંડેરાવ પોલીસ સ્ટેશનના પો.સબ.ઇન્સ શ્રી મેઘારામ નાઓને આગળની કાર્યવાહી કરવા સારુ સોંપેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## છેલ્લા બે વર્ષથી રાયોટીંગના ગુન્હામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતી શહેરકોટડા પોલીસ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી પિયુષ પટેલ સાહેબ શ્રીની સુચનાથી ઇ.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૩ શ્રી ઉષા રાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઇ સાહેબ ના માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એમ.ચૌધરી સાહેબની સુચનાથી પો.સ.ઇ. જે.એ.બારોટ તથા સાથેના પોલીસ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરના નાસતા ફરતા/પાસા વોન્ટેડ આરોપી પકડવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન પીંઠ બજાર ખાતેથી શહેરકોટડા પોલીસ સ્ટેશનના રાયોટીંગના ગુનામા છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી નામે કલ્પેશ ઉર્ફે લુક્કો સ/ઓ રાજેન્દ્રભાઇ ભાવસાર ઉ.વ.૪૪ રહે મકાન નં-૧૫૪૬ પીંઠ બજાર વાસણશેરીના નાકે સરસપુર અમદાવાદ શહેર નાને આજરોજ તા.03/05/૨૦૧૭ ના રોજ કલાક ૧૭/00 વાગે મળી આવતા શહેરકોટડા પો.સ્ટે. ના ફસ્ટ ગુ.ર.નં.-૧૭૭/૧૫ ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩, ૭ મુજબ અટક કરેલ હોય.

સદરી આરોપીની વધુમા પુછપરછ કરતા ગઇ તા.૨૫/૮/૨૦૧૫ ના રોજ રાત્રીના કલાક ૨૧/૩૦ વાગ્યાના સુમારે ગેરકાયદેસર મંડળી રચી આશરે પાંચસો માણસોના ટોળાએ સરસપુર ચાર રસ્તા ખાતે આવી પોલીસ વિરુધ્ધમા સુત્રોચાર કરતા હતા અને પોલીસ ઉપર પથ્થરમારો કરી અને સરસપુર ચોકીનુ બોર્ડ, એલસીડી કોમ્પ્યુટર, ખુરશી ટેબલ, બાકડા, રજીસ્ટરોને આગ લગાડીને ચોકીને નુકશાન કરેલ અને શહેરકોટડા વન ગાડીનો કાચ પણ તોડી નાંખી તેમજ પોલીસના બીજા વાહનોને પથ્થર મારી તેમજ અન્ય સાધનોથી નુકશાન પહોંચાડેલ હતુ જેની શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફ.૧૭૭/૧૫ ધી ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩, ૭ થી ફરીયાદ દાખલ થતા ઉપરોકત આરોપી નાસતા ફરતા હોય જેને ખાનગી બાતમી આધારે આજરોજ પકડી આગળની કાર્યવાહી પો.સબ.ઇન્સ જે.એ.બારોટ નાઓએ હાથ ધરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

દાણીલીમડા પોલીસ સ્ટેશન :

(૧)

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી નાસતા ફરતા,પેરોલ જમ્પ,વોન્ટેડ આરોપી પકડવા અંગેની ડ્રાઈવ રાખવામાં આવેલ હોય જે ડ્રાઈવ અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) <u>(અ)</u> દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુ.ર.નં.૨૨૦/૧૩ ઈ.પી.કો. કલમ.૩૦૨, ૩૦૭, ૧૪૭, ૧૪૩, ૧૪૮, ૧૪૯, ૨૦૧, ૩૩૬,૧૩૧(૨) મુજબથી ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામનાં આરોપી **<u>અબ્દુલ હમીદ ઉર્ફે મુલ્લા કાસમ મનસુરી રહે ડી/૪, બીજો માળે,જાવેદ કોમ્પલેક્ષ,સરકારી ગોડાઉન પાછળ, શાહઆલમ,દાણીલીમડા અમદાવાદ શહે</u>**રનાઓને સદર ગુનામાં પકડી અટક કરેલ હોય જેઓ જેલમાંથી દિન.૧૦નાં વચગાળાનાં જામીન ઉપર મુક્ત થયેલ હોય અને તેઓને તા ૧૨/૧૨/૨૦૧૫ નાં રોજ પરત જેલ ખાતે હાજર થવાનું હોય પરંતુ તેઓ જેલ ખાતે હાજર થયેલ ન હોય અને પેરોલ જમ્પ થઈ ગયેલ હોય જેથી સદરી આરોપી વિરુધ્ધમાં **<u>સેકન્ડ ગુ.ર.નં.૩૦૩૮/૨૦૧૬ ધી પ્રિઝનલ એકટ કલમ ૫૧(એ), ૫૧ (બી) મુજબ</u>** ગુનો દાખલ કરવામાં આવેલ હોય જેથી તેઓની તપાસ કરતા મળી આવેલ ન હોય જેથી સદરી વિરુધ્ધ સીઆરપીસી કલમ-૭૦ મુજબનુ વોરન્ટ મેળવેલ હોય તેમજ

<u>(બ)</u> દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુ.ર.નં.૨૨૦/૧૩ ઈ.પી.કો. કલમ.૩૦૨, ૩૦૭, ૧૪૭, ૧૪૩, ૧૪૮, ૧૪૯, ૨૦૧, ૩૩૬,૧૩૧(૨) મુજબથી ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામનાં આરોપી **<u>આઝાદ બડેલાલ પટેલ રહે મ.નં ૧૮, મોહસીનનગર ,આર.વી.ડેનીમ ની પાછળ , નારોલ ,અમદાવાદ શહે</u>**રનાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ શહેરનાઓના હુકમથી દિન-૧૪ માટે તા.૧૮/૧૦/૧૫ થી તા.૦૨/૧૧/૨૦૧૫ સુધી વચગાળાના જામીન પર મુક્ત થયેલ ત્યારબાદ સદરી આરોપીના નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ શહેર તરફથી તા.૩૦/૧૦/૨૦૧૫ થી તા.૧૬/૧૧/૨૦૧૬ સુધી વચગાળા જામીનમા વધારો થયેલ અને તેઓને તા ૧૬/૧૧/૧૫ નાં રોજ પરત જેલ ખાતે હાજર થવાનું હોય પરંતુ તેઓ પણ પરત જેલ ખાતે હાજર થયેલ ન હોય અને પેરોલ જમ્પ થઈ ગયેલ હોય જેથી સદરી આરોપી વિરુધ્ધમાં **<u>સેકન્ડ ગુ.ર.નં.૩૧૮૮/૨૦૧૬ ધી પ્રિઝનલ એકટ કલમ ૫૧(એ),૫૧(બી) મુજબ</u>** ગુનો દાખલ કરવામાં આવેલ હોય જેથી તેઓની તપાસ કરતા મળી આવેલ ન હોય જેથી સદરી વિરુધ્ધ સીઆરપીસી કલમ-૭૦ મુજબનુ વોરન્ટ મેળવેલ હોય જે ઉપરોક્ત બંને પેરોલ જમ્પ આરોપીઓને સત્વરે પકડી પાડવા સારુ સિનિયર પોલીસ ઈન્સપેકટર સાહેબની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ .એચ.એન.પટેલ તેમજ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ જે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.જીલુભાઈ મેરામભાઈ તથા પો.કો.જગદિશકુમાર ગણેશભાઈનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે સદરી **<u>છેલ્લા દોઢેક વર્ષથી બંને પેરોલ જમ્પ વોન્ટેડ આરોપીઓને પકડી લઈ પેરોલ જમ્પ વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સફળતા મળેલ છે.</u>**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૨)

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસરની દારુ/જુગાર તેમજ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.એચ.એન.પટેલ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પેટ્રોલીંગ નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો.નસરુલ્લાખાન હબીબખાન તથા પો.કો.જીલુભાઈ મેરામભાઈનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે હાસમખાન ઉર્ફે શાહરૂખ બિસ્મીલ્લાખાન પઠાણ ઉવ.૨૦ રહે. મ.નં.૬ ઝેદ ડુપ્લેક્ષ રંગરેજ હોલની પાછળ કેસર પાન પાર્લરની ગલીમાં બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેરનાઓને ચોરીના એકટીવા નં.જીજે.૦૧.એફ.એલ..૧૦૨૯ કિ,રુ.૪૦,૦૦૦/ ની સાથે સીઆરપીસી કલમ-૪૧(૧)ડી મુજબ સદરીને પકડી લઈ <u>મણિનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૬૩/૧૭ ઈપીકો કલમ-૩૭૯ મુજબ</u>નો ગુનો શોધી કાઢી મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢેલ છે.

(૨) સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ.સબ્બીરખાન ઈબ્રાહીમખાન તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પેટ્રોલીંગ નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કોન્સ.હર્ષદસિહ ગંભીરસિહ તથા પો.કો.કમ\લેશકુમાર હસમુખલાલઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી **<u>હૈદરઅલી ઈમામઅલી સૈયદ રહે : મ.નં.૧૧૧૦ પાકવાડા રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર</u>**નાઓને તેમના કબજાના **<u>બજાજ સ્કુટર નં.જીબીએલ-૭૨૪૩ કિ,રુ.૫,૦૦૦/ માં રાખેલ પરપ્રાતીય ઈગ્લિશ દારુની બોટલો નંગ-૫ કિ,રુ.૨,૫૦૦/</u>** ની સાથે પકડી લઈ ગેરકાયદેસર રીતે ચાલતી દારુની પ્રવુતિ શોધી કાઢેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.







**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)